ફેક્સ નં.(૦૭૯) ૨૩૨૫૯૭૬૦
૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૩૯૪ (સંયુકત નિયામક)
૨૩૨૫૪૪૧૧ (નાયબ નિયામક)
૨૩૨૫૪૫૦૬ (રહસ્ય સચિવ)
૫૨૧૦૨ (જીસ્વાન)
E-mail Address :-
Supt-admin-ngo3-dat@gujarat.gov.in

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય
" વિમા અને લેખા ભવન "
બ્લોક નં. ૧૭, પહેલો માળ,
સેકટર-૧૦/બી, ડાં. જીવરાજ મહેતા ભવન સંકુલ,
એમ.એલ.એ. કવાર્ટર સામે,
ગાંધીનગર-૩૮૨૦૧૦, તાલુકો/જિલ્લો-ગાંધીનગર.

નંબરઃ હિતિનિ/શાસન/બિરાપ-૩/જનરલ/૧૭૦૩ તારીખ ૨૩/૧૦/૨૦૨૦

પ્રતિ

(૧) હિસાબી અધિકારી શ્રી,
"બીલ-બજેટ" શાખા,
હિ.તિ.નિ કચેરી,ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારી શ્રી,
પગાર અને હિસાબીની કચેરી,ગાંધીનગર/અમદાવાદ.

(૩) શ્રેયાન/જીલ્લા તિજોરી અધિકારી શ્રી
જીલ્લા તિજોરી કચેરી...................(તમામ)

(૪) તિજોરી અધિકારી શ્રી(પેન્શન),
પેન્શન ચુકવણાં કચેરી,ગાંધીનગર/વડોદરા/સુરત/અમદાવાદ/રાજકોટ.

વિષય:- ફિક્સ પગારમાંથી નિયમિત નિમણૂંક મળતા માંદગીની રજા બાબત.

સંદર્ભ:- (૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ.૧ તા.૧૨/૦૭/૨૦૧૬.
(૨) નાણા વિભાગનાતા.૧૨/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૨૦/૫૦૭/ઝ.૧

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત(૧)ના ઠરાવ ના મુદ્દા નં-૧ મુજબ, ફિક્સ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ, મેડિકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.સંદર્ભદર્શિત(૧) ઠરાવ ના મુદ્દા નં-૨ મુજબ, સંબધિત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજૂર કરી શકશે. સંદર્ભદર્શિત(૧) ઠરાવ ના મુદ્દા નં-૩ મુજબ, ફીકસ પગારના કર્મચારીઓની પાંચ વર્ષની સેવા દરમ્યાન એકઠી થયેલ માંદગી અંગેની રજાઓ તેઓને નિયમિત નિમણુંક મળ્યા બાદ આગળ લઇ જઇ શકાય કે નહિ ? જે અંગે અત્રેની શાખાના તા.૧૫/૦૬/૨૦૨૦ના પત્ર દ્વારા માર્ગ દર્શન માંગવામાં આવેલ હતું.

સંદર્ભ દર્શિત (૨)ના નાણા વિભાગના પત્ર પરત્વે ફિક્સ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓ ફિક્સ પગારમાં ૫ (પાંચ) વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કરી, નિયમિત નિમણૂંકમાં આવતાં તેઓના ફિક્સ પગારમાં પાંચ વર્ષના સેવાકાળ દરમ્યાન જમા (એકઠી) થયેલ માંદગીની રજાની સિલક નિયમિત નિમણૂંક મળ્યા બાદ આગળ લઈ (Carry Forward) જઇ શકાય છે.તેમ નાણા વિભાગની ઝ.૧ શાખા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

આપનો વિશ્વાસુ

નાયબ નિયામક(વહીવટ)

બિડાણ ::- નાણા વિભાગના તા.૧૨/૧૦/૨૦૨૦ના પત્રની નકલ